અમદાવાદ(ગ્રામ્ય)ના મે.૧૦માં એડી.સીવીલ જજ અને જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ

ક્રિમીનલ કેસ નં.:-૬૬૨૬/૧૮

આંક -

ફરીયાદી :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :- મોહમદ રીયાઝ મોહમદ યાકુબ શેખ

<u>ગુનો :ઈ.પી.કો.ક.૨૮૩ મુજબ</u>

::: ચુકાદો :::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી ઈ.પી.કો.કલમ-૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદના કામે ત.ક.અમલદાર શ્રીએ તપાસ કરી સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

(૩) ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આરોપીની પ્લી આંક-.... થી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

(૪) આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીશ આંક-....થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપી જણાવેલ છે કે, અમો ગરીબ માણસ છીએ, જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૫) આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક તેમજ સામાજીક સ્થિતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આ ખ રી હુ ક મ</u>

આ કામના આરોપી મોહમદ રીયાઝ મોહમદ યાકુબ શેખને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ-૨૮૩મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને સંયુકત રૂા.૧૦૦/-અંકે રુપિયા સો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૮ મી માહે સપ્ટેમબર, ૨૦૧૮ નારોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ

તા.૦૮/૦૯/૧૮

(નિલેશ. આર. સોલંકી)

UIC No. GJ 01432

૧૦મા એડી.જયુડી.મેજી.ફ.ક.

અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.